INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**<u>અખબારી યાદી</u>** **<u>તા. ૧૯-૦૩-૨૦૨૫</u>**

- **સરકારી આધાર મુજબ વિરમગામ ડાંગર ખરીદી કૌભાંડમા નાણા ભાજ્પાના આગેવાનોના ખાતામા જમા થયા છે તેની ખરાઈ કરવામા આવે. -મનહર પટેલ**
- **ધારાસભ્ય અને એપીએમસી ચેરમેનના ખાતામા સરકારે જમા કરેલ નાણા કોના હતા ? જવાબ આપે ?**

**વિરમગામ વિસ્તારમા નળકાંઠા સિવાય ડાંગરની ખેતી થતી નથી અને સરકારી રાહે નાગરીક અને અન્ન પુરવઠા વિભાગે ભડાણા,કોકતા,ઉખલોડ અને દાલોદ જેવા ગામોના ખેડુતો પાસેથી ડાંગર ખરીદી કરીને તેને નાણા પણ ચુકવેલ છે. જે આ પુરી ઘટનામા કરોડો ભ્રષ્ટાચાર થયેલ છે તેવી દહેશત છોડે છે, રાજ્ય સરકાર આ દિશામા ઉંડાણ પુર્વક તપાસ કરવાની માંગ છે.**

વિરમગામ-દેત્રોજ-માંડલ વિસ્તારના ખેડૂતોની ડાંગરના ટેકાના ભાવે ખરીદી અને કરોડોનો ભ્રષ્ટાચારની ફરિયાદ ૩૧ ડિસે ૨૦૨૪ ના રોજ સરકારે નોંધી છે કરોડો રુપિયાનો ભ્રષ્ટાચાર થયેલ છે તે અંગે સરકાર ખુદ ફરીયાદી બની છે પરંતુ આ સમગ્ર કૌભાંડમા ભાજપાના આગેવાનો અને મળતીયાનો નામ ખુલ્યા છે ત્યારથી સરકારી તપાસમા ઢીલાશ અને ભ્રષ્ટાચારને દબાવી દેવાના દબાણો શરુ થયેલ છે. આમ પણ અમોએ અનેક વાર કહી કહી ચુક્યા છીએ કે ભાજપા સરકારની ટેકાના ભાવે થયેલી એકપણ ખરીદી કૌભાંડ વગરની પુર્ણ થયેલ નથી.

વિરમગામ ડાંગર ખરીદીના નાણા ભાજપાના આગેવાન અને દેત્રોજ માર્કેટ યાર્ડના ચેરમેનના નામે ૧,૭૮,૦૨૩.૬૫ રુપિયા (ભડાણા) તેમના ધર્મપત્નિના નામે ૧૦,૩૭,૫૭૯ રુપિયા (ભડાણા), ધારસભ્યશ્રીના નામે ૧,૦૨,૩૮૨ રુપિયા (કોકતા), વિરમગામ માર્કેટયાર્ડના વાઇસ ચેરમેનના નામે ૪,૪૦,૦૯૨ રુપિયા (કોકતા)અને અન્ય એક વ્યક્તિના નામે ૩,૨૬,૨૪૯ રુપિયા (ઉખલોડ) ના ખાતામા નાણા જમા થયેલ છે, આ સરકારી દફતર કહે છે, ઉકત તમામ ખાતેદારોના બેન્ક ખાતામા જે નાણા જમા થયેલ છે તે ગામોમા સરકારી રેકર્ડ મુજબ ત્યા ડાંગરની ખેતી શક્ય નથી ત્યા વાવેતર જ નથી, અને સદરહુ ખેડુતો સરકારને ડાંગર વેચે છે. આ તપાસનો વિષય છે ઉંડાણપુર્વક તપાસ થાય, અને તેમા જવાબદાર તમામ રાજકીય આગેવાનો અને તેના પરિવાર ઉપર તેમજ આ કૌભાંડને સમર્થન આપતા તમામ અધિકારીઓ ઉપર ફોજદારી કાર્યવાહી થાય.

આ કૌભાંડમા સ્થાનિક વિરમગામના ધારાસભ્યનુ નામ મિડીયાના માધ્યમથી ચર્ચામા છે, અને ડાંગર ખરીદીના સરકારી નાણા તેમના અને તેમના સગાના બેન્ક ખાતામા જમા થયેલ છે, તેઓ જાહેર કરે કે આ નાણા સદરહુ કૌભાંડ ન હોય તો તેનો આધાર આપે. તેમને સરકારના જવાબદાર જનપ્રતિનિધિ તરીકે વિરમગામની જનતા સામે પોતાની ખરી હકિકત રજુ કરવી જોઇએ.

ગુજરાત કોંગ્રેસના પ્રવક્તાશ્રી મનહર પટેલનો સીધો આક્ષેપ છે કે વિરમગામ ડાંગર ખરીદીમાં ભાજપાના મોટા માથાઓના હાથ છે એવી દહેશત પહેલેથી વ્યક્ત કરી હતી, ગુનો નોંધાયો એક વર્ષ પછી, ૫૦ દિવસ સુધી આરોપીઓ પોલીસ પકડની બહાર રહ્યા અને ગંભીર ગુનાની તપાસ ગોકળગાયની ગતિથી ચાલવી વગેરે બાબતો સત્તા પક્ષના ભાજપાના મોટા નેતાઓના બળ વગર શક્ય જ નથી.

મારી સરકારને નમ્ર વિનંતી સાથે માંગ છે કે જે ખેડૂતોની ડાંગર ટેકાના ભાવે સરકારે ખરીદી છે તે પૈકી જે ખેડૂતોના નાણા સરકારને ચૂકવવાના બાકી હોઈ તો તેનું વહેલીતકે ચૂકવણુ કરવામાં આવે.

**<u>વિરમગામ ડાંગર ખરીદી અંગેના નાણા</u>**

| એનરોલમેન્ટ | ખેડુત ખાતેદારનું નામ | ગામ/તાલુકો | રકમ/તારીખ/બેંક |
|---|---|---|---|
| ૬૦૦ | **યોગેશ જશુભાઇઅ પટેલ**<br>ચેરમેન APMC – દેત્રોજ<br>મહામંત્રી-અમદાવાદ | ભડાણા/વિરમગામ | **૧,૭૮,૦૨૩.૬૫**<br>૩૦.૧૨.૨૦૨૩<br>ADC Bank |
| ૫૯૭ | **જાગ્રુતિબેન યોગેશભાઇ પટેલ** | ભડાણા/વિરમગામ | **૧૦,૩૭,૫૭૯.૯૦**<br>૩૦.૧૨.૨૦૨૩<br>ADC Bank |
| ૪૧ | **રમેશભાઇ ડાહ્યાભાઇ પટેલ**<br>(ધારાસભ્યના સગા) | ઉખલોડ/વિરમગામ | **૩,૨૬,૨૪૯.૩૫**<br>૦૧/૧૧/૨૦૨૪<br>ADC Bank |
| ૨૪૯ | **હાર્દિક ભરતભાઇ પટેલ ધારાસભ્ય** | કોકતા/વિરમગામ | **૧,૦૨,૩૮૨.૭૦**<br>૦૧/૧૧/૨૦૨૪<br>ADC Bank |
| ૨૫૩ | **ભરતભાઇ કાંતિભાઇ ભરવાડ**<br>APMC VC, વિરમગામ | કોકતા/વિરમગામ | **૪,૪૦,૦૯૨.૮૦**<br>૦૧/૦૨/૨૦૨૪<br>ADC Bank |

મનહર પટેલ
પ્રવક્તા,ગુજરાત કોંગ્રેસ